# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22/10/2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1. **નવી આશા, ઉમંગ અને ઉત્સાહ સાથે વિક્રમ સંવત 2082-ના નૂતન વર્ષનો આજથી પ્રારંભ**
2. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે ગાંધીનગર અને અમદાવાદમાં નાગરિકો સાથે નવા વર્ષની શુભેચ્છાઓની આપ–લે કરશે.**
3. **કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજથી રાજ્યના બે દિવસના પ્રવાસે. આજે અમદાવાદમાં નવું વર્ષ ઉજવશે**
4. **દિવાળી દરમિયાન 9 લાખ નાગરિકોએ અમદાવાદ શહેરી બસ સેવાની નિ:શુલ્ક સવારીનો લાભ લીધો**
5. **આગામી છ દિવસ દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# NEW YEAR

**નવી આશા, ઉમંગ અને ઉત્સાહ સાથે વિક્રમ સંવત 2082-ના નૂતન વર્ષનો આજથી પ્રારંભ થયો છે. વિશ્વભરમાં ગુજરાતી સમુદાય આજે નવા વર્ષની ઉજવણી કરી રહ્યો છે.રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યના નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી છે.આકાશવાણી પરિવાર પણ તમામ નાગરિકોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવે છે. સાંભળીએ એક અહેવાલ..**

**(વોઇસ કાસ્ટ : મયુર સોલંકી)**

**(બેસતું વર્ષ તરીકે ઓળખાતું ગુજરાતીઓનું નવું વર્ષ હિન્દુ કેલેન્ડરના કારતક મહિનાના પ્રારંભે આવે છે. આ દિવસે, લોકો મંદિરોમાં દેવી-દેવતાઓની પૂજા કરે છે, નવા કપડાં પહેરીને તેમના સંબંધીઓ અને નજીકના લોકોને ગળે લગાવે છે, અને તેમને નવા વર્ષની શુભેચ્છા પાઠવે છે. આ દિવસ નવી શરૂઆત, સમૃદ્ધિ અને ખુશીનું પ્રતિક છે. આ દિવસ ગુજરાતી સમુદાય માટે નવા નાણાકીય અને આધ્યાત્મિક વર્ષની શરૂઆત દર્શાવે છે. ત્યારે વેપારીઓ અને વ્યવસાયિકો આગામી વર્ષમાં નાણાકીય સફળતા માટે દેવી લક્ષ્મીના આશીર્વાદ મેળવવા માટે તેમના નવા હિસાબી ચોપડાઓની પૂજા કરી રહ્યા છે.**

**મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ)**

---

# CM NUTAN VARSHH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વિક્રમ સંવત 2082-ના નૂતન વર્ષના પ્રારંભના દિવસે આજે ગાંધીનગર અને અમદાવાદમાં પ્રજાજનો સાથે શુભેચ્છાઓની આપ–લે કરશે. શ્રી પટેલ આજે સવારે ગાંધીનગરના પંચદેવ મંદિરમાં દર્શન કરી નૂતન વર્ષનો પ્રારંભ કરશે.

## (V/C- PRAVESH ADIACHA)

(..... મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સવારે અડાલજના ત્રિમંદિરમાં દર્શન અને પૂજન માટે જશે. ત્યારબાદ મંત્રીમંડળ નિવાસ સંકુલમાં આવેલા સામૂદાયિક કેન્દ્ર ખાતે સવાર આઠ વાગ્યાની આસપાસ નાગરિકો અને પ્રજાજનો સાથે શુભેચ્છાઓની આપ–લે કરશે. ત્યાંથી તેઓ રાજભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવવા જશે. સવારે સાડા 10 વાગ્યાની આસપાસ શ્રી પટેલ અમદાવાદમાં એનેક્સી સ્ટેટ ગેસ્ટહાઉસ શાહીબાગ ખાતે નાગરિકોને નવા વર્ષની શુભેચ્છાઓ માટે મળશે. આ પહેલાં મુખ્યમંત્રીશ્રી અમદાવાદમાં નગરદેવી ભદ્રકાળી માતાના મંદિરે દર્શનાર્થે પણ જશે. આજે બપોરે શાહીબાગ ડફનાળા ખાતે પોલીસ ઑફિસર્સ મેસમાં વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને તેમના પરિવારોને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવવા આયોજિત સમારોહમાં પણ મુખ્યમંત્રીશ્રી ઉપસ્થિત રહેશે. - પ્રવેશ અડિએચા,આકાશવાણી સમાચાર,અમદાવાદ.)

---

## AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજથી બે દિવસ ગુજરાતના આવશે. તેઓ અમદાવાદના થલતેજ ખાતે આજે સવારે નૂતન વર્ષ નિમિત્તે શુભેચ્છાઓનું આદાન-પ્રદાન કરશે. શ્રી શાહ આવતીકાલે ગાંધીનગરમાં ધારાસભ્યો માટેના નવ નિર્મિત આવાસોનું લોકાર્પણ પણ કરશે.

---

## DIWALI OVERALL

દિવાળીના તહેવારોને લઈ રાજ્યના અનેક મંદિરોમાં વિશેષ શણગાર કરવામાં આવ્યો છે. કચ્છ જિલ્લાના ભુજ સ્વામિનારાયણ મંદિરે દીપોત્સવ ઉજવાયો જેમાં 51 હજાર દિવડાના શણગારથી મંદિર ઝળહળી ઉઠ્યું. જ્યારે ભગવાન શ્રીકૃષ્ણની પવિત્ર નગરી દ્વારકામાં ગોવર્ધન પૂજાની ભવ્ય અને પરંપરાગત ઉજવણી કરવામાં આવી. જગત મંદિર ખાતે વિશેષ વિધિપૂર્વક ગોવર્ધન પૂજા તથા અન્નકૂટ મનોરથનું આયોજન કરાયું.. મંદિરમાં ગોવર્ધન પર્વતનું પ્રતિકાત્મક નિર્માણ કરવામાં આવ્યું અને ભગવાન શ્રીકૃષ્ણના સ્મરણ સાથે તેની પૂજા-અર્ચના કરવામાં આવી. કેન્દ્રશાસિત પ્રદેશ દીવ ખાતે દર વર્ષની જેમ આ વર્ષ નવા વર્ષના આગમનને લઈને મંદિરોમાં ભગવાનને અન્નકૂટમાં વિવિધ વાનગીઓ ધરાવવામા આવી, ભક્તો એ તેના દર્શનનો લ્હાવો લીધો.

---

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

---

## AMTS FREE

દિવાળી દરમિયાન લગભગ 9 લાખ નાગરિકોએ અમદાવાદ શહેરી બસ સેવા AMTSની નિશુલ્ક સવારીનો લાભ લીધો. ધનતેરસથી દિવાળી સુધીના તહેવારોના સમયગાળા દરમિયાન AMTS દ્વારા તેની ત્રણ દિવસની નિશુલ્ક મુસાફરી પહેલને બહોળો પ્રતિસાદ મળ્યો છે. આ પગલું શહેરના 'હર ઘર સ્વદેશી - ઘર ઘર સ્વદેશી' અભિયાનનો એક ભાગ હતું, જેનો ઉદ્દેશ્ય નાગરિકોને સ્થાનિક રીતે બનાવેલા ઉત્પાદનો ખરીદવા અને તહેવારોની ખરીદી માટે અનુકૂળ મુસાફરીની સુવિધા આપવાનો છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, ધનતેરસ અને કાળી ચૌદસ પર લગભગ છ લાખ લોકોએ ઓફરનો લાભ લીધો , જ્યારે દિવાળીના દિવસે અન્ય ત્રણ લાખ મુસાફરોએ મફત મુસાફરી કરી.

---

# PORBANDAR SHANGAR

દિવાળીના તહેવાર નિમિતે પોરબંદરના મહાલક્ષ્મી મંદિરમાં માતાજીને માતાજીને 55 લાખ રૂપિયાની ચલણી નોટોનો અદ્ભૂત શણગાર કરાયો. આ અંગે મંદિરના ટ્રસ્ટી દિનેશ ત્રિવેદીએ જણાવ્યું કે આ શણગારમાં વપરાતી ચલણી નોટો માટેનું ફંડ ટ્રસ્ટના ફંડમાંથી માતાજીના ભકતો પાસેથી મેળવવામા આવે છે અને લક્ષ્મી માતાજીના સાનિધ્યમાં માતાની અમિદ્રષ્ટિ આ રૂપિયા પર પડે છે તે પછી શણગાર માટે ચલણી નોટો આપનારા શ્રીમંત ભકતો આ નોટને પરત લઇ જાય છે.

(બાઇટ – દિનેશ ત્રિવેદી – ટ્રસ્ટી)

આ શણગારના દર્શને 60 હજારથી વધુ ભાવિકો ઉમટ્યા હતા.

---

# WEATHER FORECAST

હવામાન વિભાગે આગામી છ દિવસ દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી કરી છે. જ્યારે સાબરકાંઠા , અરવલ્લી, મહીસાગર, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. 25 તારીખથી દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદની તીવ્રતા વધી શકે છે તેમ હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

(બાઇટ : એ. કે. દાસ, નિયામક)

---

## VADODARA RAILWAY

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા દિવાળી અને છઠના તહેવાર નિમિત્તે વિશેષ ટ્રેનનું આયોજન કરાયું છે. આ અંગે રેલવે મુખ્યમથક ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં પ્રભાગીય રેલવે વ્યવસ્થાપક - DRM રાજુ ભડકેએ જણાવ્યું, રેલવે દ્વારા યોગ્ય વ્યવસ્થાથી બિહાર , ઉત્તરપ્રદેશ સહિતના રાજ્યમાં જતા યાત્રાળુઓ પોતાના વતન પહોંચી રહ્યા છે.

(BYTE: RAJU BHADAKE, DRM, VADODARA DIVISION)

---

## PATAN GST

કેન્દ્ર સરકાર દ્વારા 22 સપ્ટેમ્બરથી શરૂ કરાયેલો GST બચત ઉત્સવ તમામ વર્ગના લોકોને લાભ આપી રહ્યો છે. અત્યારે દિવાળીના તહેવારોમાં GST ઘટાડાથી ખરીદીમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે . વાહનો, એસી, ફ્રીઝ, વૉશિંગ મશીનમાં ભારે ખરીદી બાબતે પાટણના એક શોરૂમ માલિકે પ્રતિક્રિયા આપી.

(બાઇટ : શોરૂમ માલિક)

---

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 26 તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત " કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિઓ કાર્યક્રમની આ 127-મી કડી હશે. આ માટે લોકો પોતાના મંતવ્યો ટૉલ ફ્રી નંબર 1800–11–7800 પર તેમજ નરેન્દ્ર મોદી એપ્લિકેશન અને માય GOV ઑપન ફૉરમના માધ્યમથી ઑનલાઈન મોકલી શકે છે. આ મહિનાની 24 તારીખ સુધી આ મંતવ્ય મોકલી શકાશે.

---